**જનસંપર્ક અધીકારી દ્વારા**
**પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર**
**ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩**
**કંટ્રોલરૂમ ટેલીફોન નંબર ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦**

**તા..૭/૧૦/૨૦૧૫ બુધવાર**

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**નશાબંધી તથા જુગારધારા હેઠળ ઝડપાયા :-** **સમાચાર યાદી નં.૨૦૧૬/૧૫**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૩૪ કેસ કરી અને ૨૮ વ્યક્તિઓને ઝડપી ૪૭૬ લીટર દેશી દારૂ, ૨૭૯ બોટલ ઈંગ્લીશ દારૂ, ૪૮ બિયર ટીન અને ૦૨ કાર કબજે કરી હતી. તેમજ જુગારધારા હેઠળ ૦૩ કેસ કરી ૧૫ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૧,૦૩,૨૭૦/- અને જુગારનાં સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૭/૧૫**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૮૦ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પ્રોહી.૯૩ મુજબ ૧૧ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણઃ-** **સમાચાર યાદી નં.૨૦૧૮/૧૫**

**માધવપુરા :** ડાલચંદ બાબુલાલ જયશ્વાલ (રહે.રાજનગર મીલની ચાલી, ગિરધરનગર બ્રીજ નીચે. ઇદગાહ) એ તા.૬/૧૦/૧૫ નારોજ માધવપુરા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૫/૧૦/૧૫ બપોરનાં ૧૨/૦૦ વાગ્યાના સુમારે ઘર નજીકથી પોતાના પુત્ર કૌશીક (ઉ.વ.૧૩) નુ અજાણી વ્યક્તિ અપહરણ કરી લઈ ગઈ છે.આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એ.ચૌધરી ચલાવે છે.

**વાડજ :** કંકુબહેન રમેશભાઇ વાઘેલા (ઉ.વ.૧૩)(રહે.કબીર ટેકરી, સ્મશાનગૃહ પાસે, જુના વાડજ) ને ઘર નજીકથી તા.૩/૧૦/૧૫ નાં કલાક ૧૦/૦૦ વાગ્યાના સુમારે આરોપી જયેશ ઉર્ફે જયલો અશોકભાઇ ઠાકોર (રહે.કાશ્મીરા મહાદેવની ચાલી, દશામા નાં મંદિર પાસે, જુના વાડજ) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ કંકુબહેનના માતા અમરતબહેન વાઘેલાએ તા.૬/૧૦/૧૫ નારોજ વાડજ પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી વી.જી.રાઠોડ ચલાવે છે.

**ઘરફોડ ચોરી :-** **સમાચાર યાદી નં.૨૦૧૯/૧૫**

**નરોડા :** આનંદભાઇ રમેશભાઇ દેવરકોડા (રહે.શાંતીવિલા ફ્લેટ, દહેગામ રોડ નરોડા) એ નરોડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૦/૧૫ સવારનાં ૧૦/૩૦ થી રાતનાં ૮/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનની બારીનો કાચ તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોનાનાં દાગીના કિંમત રૂપિયા ૧,૦૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી કે.એસ.જાડેજા ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**ઇસનપુર :** સુકેશભાઇ જયંતીભાઇ પટેલ (રહે.સુભમ એપાર્ટમેન્ટ, ઉત્તમનગર ચાર રસ્તા પાસે, ઇસનપુર) એ ઇસનપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૫/૧૦/૧૫ રાતનાં ૮/૪૫ થી તા.૬/૧૦/૧૫ સવારનાં ૧૦/૦૦ સુધીનાં સમયગાળા દરમ્યાન ગોવિંદવાડી પાસે, ટોપાઝ રેસ્ટોરન્ટની સામે, રાધે કિશન વિલામાં આવેલ પોતાની દેવાંશ એન્ટરપ્રાઇઝ નામની દુકાનનાં શટરનાં તાળા તોડી, અજાણી વ્યક્તિ દુકાનમાં પ્રવેશ કરી, એલ.ઇ.ડી. નંગ-૨ અને એ.સી. નંગ-૧૧ કુલ કિંમત રૂપિયા ૪,૮૧,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.એન.પંડ્યા ચલાવે છે.

**અમરાઇવાડી :** સુનિતાબહેન રોહિતભાઇ પટેલ (રહે.ભુમિ એપાર્ટમેન્ટ, હાટકેશ્વર લાલ બંગલા પાસે, અમરાઇવાડી) એ અમરાઇવાડી પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૦/૧૫ નાં કલાક ૧/૩૦ થી ૪/૩૦ સુધીનાં સમયગાળા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનો નકુચો તોડી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, સોના-ચાંદીનાં દાગીના અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૫૭,૦૦૦/- તેમજ બીજા બે સાહેદોનાં મકાનોમાંથી કુલ રૂપિયા ૧,૩૦,૮૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એસ.આર.બાવા ચલાવે છે.

**<u>ચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૨૦/૧૫</u>**

**ચાંદખેડા :** ગીરીશભાઇ નારણભાઇ મકવાણા (રહે.જયરાજ કોમ્પલેક્ષ ઓઢવ) એ ચાંદખેડા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૬/૧૦/૧૫ બપોરનાં ૩/૪૫ વાગ્યાના સુમારે એક મોટર સાયકલ ઉપર આવેલ બે પુરૂષ )૨૫ થી ૩૦ વર્ષના આશરાનાં) ચાંદખેડા શ્રીસંત વેલી, આરાધના હોમ્સની આગળ પાર્ક કરેલ પોતાની હોન્ડા સીટી કારનાં દરવાજાનો કાચ તોડી, કારમાંથી લેપટોપ કિંમત રૂપિયા ૩૦,૦૦૦/- અને રોકડ રૂપિયા ૬૦,૦૦૦/- મળી કુલ રૂપિયા ૯૦,૦૦૦-/ મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.દવે ચલાવે છે.

**<u>વાહનચોરી :-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૨૧/૧૫</u>**

**દાણીલીમડા :** મહેન્દ્રભાઇ કેશવરાજ શર્મા (રહે.શ્રીનંદ ફ્લેટ, બરોડા એક્સપ્રેસ હાઇ-વે, ન્યુ મણીનગર રામોલ) એ તા.૩/૧૦/૧૫ રાતનાં ૧૧/૦૦ વાગે નારોલ સરોવર એવન્યુ કોમ્પલેક્ષ, આર.એલ.લોજીસ્ટીક ટ્રાન્સપોર્ટ ઓફિસ આગળ પોતાની બોલેરો પીકઅપ ગાડી નંબર જીજે.૦૧.ડી.વાય.૩૨૨૫ કિંમત રૂપિયા ૪,૫૦,૦૦૦/- પાર્ક કરી હતી. જેની ચોરી તા.૪/૧૦/૧૫ સવારનાં ૯/૦૦ વાગ્યા દરમ્યાન થઇ હતી. આ અંગેની ફરીયાદ મહેન્દ્રભાઇ શર્મા એ તા.૬/૧૦/૧૫ નારોજ દાણીલીમડા પોલીસ સ્ટેશન ખાતે નોંધાવી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી આર.એમ.વસાવા ચલાવે છે.

**<u>ત્યજી દિધેલ ભ્રુણ મળી આવવા બાબત:-</u>** **<u>સમાચાર યાદી નં.૨૦૨૨/૧૫</u>**

**આનંદનગર :** તા.૬/૧૦/૧૫ નાં કલાક ૮/૩૦ વાગ્યા પહેલાં કોઇપણ સમયે આનંદનગર પોલીસને આનંદનગર કોર્પોરેટ રોડ, વોડાફોન હાઉસ જતાં રોડની સાઇડથી બિનવારસી ત્યજી દિધેલ હાલતમાં, સાત મહિનાનું ભ્રુણ મળી આવતાં, આનંદનગર પોલીસે અજાણી વ્યક્તિ વિરૂધ્ધ ગુનો નોંધી આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એફ.એ.પારઘી ચલાવે છે.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં.૨૦૨૩/૧૫**

**શહેરકોટડા :** રાજુ મુસલમાન (ઉ.વ.૨૫)(રહે.ઔડાના મકાનમાં, વિજય મિલનું નેળીયુ, નરોડા રોડ) એ તા.૫/૧૦/૧૫ નાં કલાક ૧૦/૪૫ વાગ્યાના સુમારે કોઇ કારણસર પોતાના રહેણાંકની ગેલેરીમાંથી પડતુ મુકી, આત્મહત્યા કરી હતી. આ અંગે શહેરકોટડા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.સ.ઇ.શ્રી જયદિપસિંહ બળવંતસિંહ ચલાવે છે.

**રીવરફ્રન્ટ ઈસ્ટઃ** અશોક કાંન્તીભાઈ ઠાકોર (ઉ.વ.30) (રહે. દાંતણીયાવાસ, પુજા ફ્લેટ પાછળ રાણીપ) એ તા.૫/૧૦/૧૫ રાતના ૧૧/30 વાગ્યા પહેલાં કોઈ કારણસર દુધેશ્વર બ્રીજ નીચે સાબરમતી નદીમાં પડી ડુબી જઈ આત્મહત્યા કરી હતી. આ અંગે રીવરફ્રંટ ઈસ્ટ પોલીસે અકસ્માત મોત નોધી આ અંગેની તપાસ હે.કો શ્રી પ્રવિણસિંહ અળખાભાઈ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.



Print to PDF without this message by purchasing novaPDF (http://www.novapdf.com/)